GJKH070005242019

| | | | |
|---|---|---|---|
| કેસ રજૂ તારીખ | ૦૫/૧૦/૨૦૧૯ | | |
| કેસ દાખલ તારીખ | ૦૫/૧૦/૨૦૧૯ | | |
| કેસ ફેંસલ તારીખ | ૦૫/૦૫/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૬ | ૦૭ | ૦૦ |

============================================================

ઠાસરાના મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
(શ્રી વિપુલ અમૃતલાલ ઠક્કર) સાહેબની અદાલતમાં,
મુ.ઠાસરા સમક્ષ

============================================================

ફોજદારી કેસ નં.૪૧૩/૨૦૧૯
આંક :–

ફરીયાદી:– પટેલ હરેશકુમાર અરવિંદભાઈ
ઉ.વ.૩૬, ધંધો–તબેલો/ખેતી
રહે. મુ.પો.અંઘાડી,
તા.ગળતેશ્વર, જિ.ખેડા

વિરુધ્ધ

આરોપી:– ઈન્દુભાઈ મગનભાઈ સોલંકી
ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર
રહે. મુ.ભાદરણીયા,
તા.બોરસદ, જિ.આણંદ

<u>ગુનો :– ધી નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ.</u>

============================================================

ફરીયાદી તર્ફે વિ.વકીલશ્રી એન.આર.સોઢાપરમાર
આરોપી તર્ફે વિ.વકીલશ્રી એસ.બી.પરમાર

============================================================

============================================================

સમક્ષ– શ્રી વિપુલ અમૃતલાલ ઠકકર, જ્યુડિશિયલ મેજીસ્ટેટ ફર્સ્ટ કલાસ, ઠાસરા

============================================================

**:: ઠ રા વ ::**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી મુ.પો.અંધાડી, તા.ગળતેશ્વર મુકામે રહે છે અને તેઓ ખેતી તથા એચ એફ ગાયોનો તબેલો ધરાવે છે. આરોપી મુ.ભાદરણીયા, તા.બોરસદ, જિ.આણંદ મુકામે રહે છે અને ખેતી તથા ગાયોનો તબેલો તથા ગાયોનો વેપાર કરવાનો ધંધો કરે છે. આરોપી તેમના મિત્ર ભાવેશભાઈ વી. પટેલ, રહે.ભાદરણનાઓ સાથે ફરિયાદીના ગામ અંગાડી મુકામે આવેલ અલગ–અલગ તબેલાની ગાયો જોવા માટે આવતા હોવાથી આરોપી, ભાવેશભાઈ અને ફરિયાદીને એકબીજા સાથે અવાર–નવાર મળવાનુ થતુ હોય એકબીજા સાથે ઓળખાણ અને પરિચય થયેલ. આરોપી એપ્રિલ–૨૦૧૯ ના અરસામાં ફરિયાદીની એચ એફ ગાયોના તબેલે આવેલા અને ફરિયાદીની ગાયોમાંથી આરોપીને ૪૦ જેટલી ગાયો પસંદ પડતા આરોપીએ ફરિયાદી પાસે ગાયો વેચાતી માંગેલી, જે બાબતે ફરિયાદીને આરોપીની કિંમત પસંદ પડતા આરોપી, તેમના મિત્ર ભાવેશભાઈ વી. પટેલ સાથે તા.૧૬/૦૪/૨૦૧૯ ના રોજ ફરિયાદીના ગામ અંગાડી મુકામે આવેલ તબેલે આવેલા અને ૪૦ એચ એફ ગાયોની કિંમત રૂા.૧૫,૦૦,૦૦૦/– નકકી કરેલ અને બાના પેટે રૂા.૨,૦૦,૦૦૦/– ફરિયાદીને રોકડા ચુકવેલા અને બાકીની રકમ પેટે આરોપીએ બંધન બેન્ક, આણંદ શાખામાં તેમના ખાતા નં.૫૦૧૮૦૦૨૯૭૨૫૬૭૩ નો ચેક નં.૦૦૦૦૧૨, તા.૨૭/૦૪/૨૦૧૯ ની પાકતીમીતીનો રૂા.૮,૦૦,૦૦૦/– નો ફરિયાદીનું નામ, તારીખ, રકમ શબ્દોમાં તથા આકડામાં અલગ–અલગ પેનથી લખાવી આરોપીએ તેમની સહી કરી પાકતીમીતીએ સદરહું ચેકનો બેંકમાં દેખાડ કરતા તે અચુક સ્વીકારાઈ જશે તેવી ખાત્રી સાથે ફરિયાદીને આપેલ અને બાકી રહેતી રકમ ચુકવવાની જવાબદારી આરોપી વતી આરોપીના મિત્ર ભાવેશભાઈ વી. પટેલનાઓએ સ્વીકારી બાકી રહેતી રકમ પેટે રૂા.૫,૦૦,૦૦૦/– નો કોર્પોરેશન બેન્ક, ભાદરણ શાખામાં ચાલતા તેમના ખાતા નં.૫૨૦૧૦૧૨૩૩૬૯૯૬૨૩ નો ચેક નં.૭૦૧૯૬૮, તા.૨૫/૦૪/૨૦૧૯ ની પાકતીમીતીનો ફરિયાદીનું નામ, તારીખ, રકમ શબ્દોમાં તથા આંકડામાં લખાવી આરોપીના મિત્ર ભાવેશભાઈએ તેમની સહી કરી પાકતીમીતીએ સદરહું ચેકનો બેંકમાં દેખાડ કરતા તે અચુક સ્વીકારાઈ જશે તેવી ખાત્રી સાથે ફરિયાદીને આપેલ. ઉપરોકત ચેકો પૈકી ચેક નં.૦૦૦૦૧૨ નો ફરિયાદીએ પાકતીમીતી બાદ તા.૦૧/૦૫/૨૦૧૯ ના રોજ દેખાડ કરેલો પરંતુ સદરહું ચેક સ્વીકારાયા વગર પરત ફરેલ, જેથી તા.૨૧/૦૬/૨૦૧૯ ના રોજ ફરીથી દેખાડ કરેલો પરંતુ સદરહું ચેક

સ્વીકારાયા વગર પરત ફરેલ, જેથી આરોપીની સુચના મુજબ કોર બેંકીગના લીધે કે.ડી.સી.સી. બેંકના ચેકનો દેખાડ કે.ડી.સી.સી. બેંકની કોઈપણ શાખામાં થઈ શકે, જેથી ફરિયાદીએ ત્રીજીવાર તા.૨૪/૦૭/૨૦૧૯ ના રોજ ફરિયાદીના ધી ખેડા ડિસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો.ઓ.બેંક લી., ઠાસરા (સેવાલીયા) શાખામાં ચાલતા તેઓના ખાતામાં જમા થવા દેખાડ કરતા ફરિયાદીની બેંક ધ્વારા આરોપીની બેંકના ખાતામાં દેખાડ કરતા તા.૨૪/૦૭/૨૦૧૯ ના રોજ આરોપીના ખાતામાં "ડ્રોવર સિગ્નેચર ડીફર્સ"ની વિગતે સદરહું ચેક સ્વીકારાયા વગર કે.ડી.સી.સી. બેંક, ઠાસરા શાખાના મેમા તથા ઈન્ટીમેશન લેટર સાથે ફરીયાદીને તા.૨૬/૦૭/૨૦૧૯ ના રોજ પરત કરવામાં આવેલ. જેથી ફરીયાદીએ તેઓના એડવોકેટ મારફતે આરોપીને તા.૨૨/૦૮/ ૨૦૧૯ ના રોજ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૩૮ મુજબ લીગલ નોટીસ રજી.પો.એડી ધ્વારા ફરમાયેલી, જે નોટીસ આરોપીને તા.૨૩–૨૪/૦૮/૨૦૧૯ ના અરસામાં બજી ગયેલ હોવા છતાં આરોપીએ સદર નોટીસમાં જણાવ્યા મુજબ વર્તન કરવાની કસુર કરી આરોપીએ ફરિયાદીની નોટીસ મળ્યાના પંદર દિવસમાં સદરહું ચેકના અવેજની રકમ ફરિયાદીને ચુકવી આપેલ નહી કે તેઓની નોટીસનો જવાબ પણ આપેલ નથી. આમ, આરોપીએ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાત્મક ગુનો કરેલ આરોપીને સખત નશીયત કરવા તેમજ આરોપી પાસેથી ચેકની રકમ કરતા બમણી રકમનું વળતર ફરિયાદીને અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામે ફરિયાદીએ હાલની ફરિયાદ રજુ કરતા મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ ફરિયાદીની ફરિયાદ તેમજ વેરીફીકેશનનું સોગંદનામુ ધ્યાને લઈ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના ગુના સબબ પ્રોસેસ ઈશ્યૂ કરવા તેમજ ફરિયાદને ફોજદારી રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવેલ.

(૩) આ કામના આરોપી અન્ય ગુનાના કામે વડોદરા સબ જેલમાં કેદમાં હોય અત્રેની અદાલતે આંક–૧ લગત તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજ હુકમ કરી આરોપીને જ્યુડિશિયલ કસ્ટડીમાં લીધેલ અને આરોપીને અત્રેની અદાલતમાં હાજર રાખવા માટે મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે યાદી મોકલવા હુકમ કરેલ. ત્યારબાદ તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ આરોપી અત્રેની અદાલતમાં હાજર થતા તેઓને ફરિયાદની અને ફરિયાદ સાથે રજુ કરવામાં આવેલ તમામ દસ્તાવેજી નકલો પુરી પાડવામાં આવેલ અને

ત્યારબાદ આરોપીની આંક–૨૬ થી પ્લી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ તેઓ વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરી અને ગુનો કબુલ નથી, જેથી આ ક્રિમીનલ કેસ આગળ ચલાવવામાં આવેલ છે અને પુરાવો નોંધવામાં આવેલ છે. સદર કામે અત્રેની અદાલતે તા.૨૮/૦૫/૨૦૨૫ ના રોજ આંક–૧ લગત હુકમ કરી આ કેસ સમન્સ ટ્રાયલ મુજબ ચલાવવાનો હુકમ કરેલ. ત્યારબાદ આરોપી તરફે તા.૩૦/૦૬/૨૦૨૫ ના રોજ જામીન અરજી રજૂ થતા નામ. અદાલતે ફરીયાદીને સાંભળવા માટે જામીન અરજીનો હુકમ મુલતવી રાખેલ અને ત્યારબાદ ફરીયાદીને સાંભળ્યા બાદ તા.૦૮/૦૭/૨૦૨૫ ના રોજ હુકમ કરી આરોપીને રૂા.૧૫,૦૦૦/– ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા તેમજ ચેકની રકમ રૂા.૮,૦૦,૦૦૦/– ના ૨૦% એટલે કે, રૂા.૧,૬૦,૦૦૦/– નામ. અદાલતમાં દિન–૭ માં જમા કરાવવા હુકમ કરેલ અને જો તે રકમ દિન–૭ માં જમા નહી કરાવે તો જામીન આપોઆપ રદ્દ ગણવામાં આવશે તેવો હુકમ કરેલ. ત્યારબાદ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ આરોપીના જામીન અત્રેની અદાલતમાં રજુ થતા આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેલ. પરંતુ ત્યારબાદ આરોપી ધ્વારા જામીનના મુજબ ચેકની રકમના ૨૦% રકમ નામ. અદાલતમાં દિન–૭ માં જમા નહી કરાવતા આરોપીની જામીન અરજીના હુકમ મુજબ આરોપીના જામીન આપોઆપ રદ્દ થયેલ. ત્યારબાદથી આરોપી જયુડિશિયલ કસ્ટડીમાં રહેલ છે.

(૪) આ કામે ફરિયાદ પક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો:–**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદીનું સરતપાસનું સોગંદનામુ | ૨૮ |

**દસ્તાવેજી પુરાવો:–**

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | આરોપીએ ફરિયાદીને બંધન બેંક, આણંદ શાખાનો | ૩૦ |

| | | |
|---|---|---|
| | આપેલ ચેક નં.૦૦૦૦૧૨, તા.૨૭/૦૪/૨૦૧૯ (અસલ) | |
| ૨ | ઉપરોકત ચેક બાબતે બેંકે તા.૨૪/૦૭/૨૦૧૯ ના રોજ આપેલ ચેક રીટર્ન મેમો | ૩૧ |
| ૩ | ફરિયાદીએ આરોપીને રજિ.પો.એડીથી આપેલ નોટીસની ઓફિસ કોપી | ૩૨ |
| ૪ | ફરિયાદીએ આરોપીને રજિ.પો.એડીથી આપેલ નોટીસ બદલની પોસ્ટની વિન્ડો સ્લીપ (અસલ) | ૩૩ |
| ૫ | ફરિયાદીએ આરોપીને રજિ.પો.એડીથી આપેલ નોટીસ અંગે પોસ્ટની એકનોલેજમેન્ટ (અસલ) | ૩૪ |

આ કામે ફરિયાદ પક્ષ તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. આ કામે આંક–૨૮ થી ફરિયાદીનું સરતપાસનું સોગંદનામુ રજુ કરેલ થયેલ છે. ફરિયાદ પક્ષ તરફે આંક–૨૭ ના લિસ્ટથી રજુ ઉપરોકત નિ.૨૭/૧ થી નિ.૨૭/૫ વાળા દસ્તાવેજી પુરાવાને આંકે પાડવાની આંક–૨૯ ની અરજી લગત તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ અત્રેની અદાલતે હુકમ કરી નિ.૨૭/૧ થી નિ.૨૭/૫ ને અનુક્રમે આંક આપવાનો હુકમ કરવામાં આવેલ. ફરિયાદ પક્ષ તરફે આંક–૪૬ થી પુરાવા બંધની પુરસીસ રજુ થયેલ છે. ત્યારબાદ આરોપીનું ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૩૧૩ મુજબનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ, જેમાં આરોપીએ તેઓની વિરુધ્ધ પડેલ આક્ષેપિત હકીકતોનો ઈન્કાર કરેલ છે અને તેઓ સોગંદ ઉપર જુબાની આપવા માંગતા નથી તેમજ બચાવના સાહેદો તપાસવા માંગતા નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, ''અમારી વિરુધ્ધ સીકયુરીટી પેટેના ચેકનો દૂરઉપયોગ કરી ખોટી ફરિયાદ કરેલ છે.'' સદર કામે આરોપી તરફે કોઈપણ પ્રકારનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી અને આરોપી તરફે આંક–૪૭ થી પુરાવા બંધની પુરસીસ રજૂ થયેલ છે. ત્યારબાદ આ કામ દલીલ પર રાખવામાં આવેલ છે.

**<u>ફરીયાદી તરફે દલીલો :–</u>**

(૫) ફરીયાદીના વિ.વ.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, ફરીયાદીની ઉલટતપાસમાં ફરીયાદીના પુરાવા વિરુધ્ધ જાય તેવી કોઈ હકીકત ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ નથી. ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા અને ફરીયાદ વંચાણે લેતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેના તત્વો ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે. આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે પરંતુ તેમાં આરોપીએ સીકયુરીટી પેટે ચેક આપેલ તે સિવાય અન્ય કોઈ બચાવ લીધેલ નથી. તકરારી ચેક આરોપીએ ફરીયાદીની કાયદેસરની લેણી રકમ પેટે જ આપેલ હોવાનુ અનુમાન થતુ હોય ત્યારે તેનાથી વિરુધ્ધ આરોપીએ સચોટ પુરાવો રજુ કરી પોતાનો બચાવ પુરવાર કરેલ નથી. ફરીયાદીની ડીમાન્ડ નોટીસનો કોઈ જવાબ આરોપીએ આપેલ નથી. તકરારી ચેક જયારે બેંકમાં વસુલાત માટે રજુ કરવામાં આવ્યો ત્યારે તે ચેકમાં જણાવેલ રકમ રૂા.૮,૦૦,૦૦૦/– ફરીયાદીને આરોપી પાસેથી કાયદેસર લેણી નીકળતી હોવાનું ફરીયાદીએ સાબિત કરેલ છે. આમ, ફરીયાદ પક્ષે આરોપી વિરુધ્ધનું ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનું તહોમત નિ:શંકપણે પુરવાર કરેલ હોય જેથી આરોપીને કાયદાનુસાર મહત્તમમાં મહત્તમ સજા કરી બમણી રકમ વળતર તરીકે ફરીયાદીને અપાવવા અરજ ગુજારેલ છે.

**<u>આરોપી તરફેની દલીલ :–</u>**

(૬) આરોપીના વિ.વ.શ્રીએ દલીલમાં રજુઆત કરતા જણાવેલ છે કે, આરોપીએ ફરીયાદીને રૂપિયા ૧૦ લાખ રોકડા આપેલા અને હાલનો સિકયુરીટી પેટે ચેક આપેલો. ગાયો ભાવેશભાઈ લઈ ગયેલા અને તેમના વતી આરોપીએ જવાબદારી સ્વીકારી હાલનો ફરીયાદવાળો ચેક આપેલો છે. આરોપી પાસે ફરીયાદીનું કોઈ લેણુ બાકી ન હોવા છતાં આરોપીએ સીકયુરીટી પેટે આપેલ ચેકનો દુરઉપયોગ કરી ખોટી ફરીયાદ કરેલ છે. ફરીયાદી અને આરોપી વચ્ચે કોઈ ગાયોનો વેચાણ ખરીદનો વ્યવહાર થયેલ નથી. તકરારી ચેક આરોપીએ સીકયુરીટી પેટે આપેલ હતો. ફરીયાદીનું કોઈ કાયદેસરનું લેણુ નથી. તકરારી ચેક અવેજને માટે ફરીયાદીને આપેલ નથી. ફરીયાદીના પુરાવાનું આરોપી તરફે ઉલટતપાસમાં ખંડન કરી આરોપીએ પોતાનો બચાવ સાબિત કરેલ હોય

અને આરોપી પાસે ફરીયાદીને કોઈ કાયદેસરનું લેણુ ન હોવાનુ સાબિત કરેલ હોય જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૭) ઉપરોકત હકીકતે સદરહુ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નં.૧:– શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આરોપીએ આંક–૩૦ વાળો ચેક આરોપીએ તેઓના કાયદેસરના દેવાની ચુકવણી માટે પોતાની સહી કરીને ફરિયાદીને આપેલ છે ?**

**મુદ્દા નં.ર:– શું આરોપી સામે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો પુરવાર થાય છે?**

**મુદ્દા નં.૩:– શું હુકમ ?**

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧ :– હકારમાં,**

**મુદ્દા નં.ર :– હકારમાં,**

**મુદ્દા નં.૩ :– આખરી હુકમ મુજબ.**

(૯) રેકર્ડ ઉપર આવેલ સમગ્ર પુરાવાનો તથા રજુ થયેલા કાયદાના આધારોનો કાળજીપૂર્વક અભ્યાસ કરવામાં આવેલ છે તેમજ કેસનું સમગ્ર રેકર્ડ વંચાણે લેવામાં આવેલ છે જેના આધારે મારી સમક્ષ નિર્ણયો માટેના કારણો નીચે મુજબ આપવામાં આવેલા છે.

**:: કા ર ણો ::**

**મુદ્દા નં.૧ થી ૩ ની સંયુકત ચર્ચા :–**

(૧૦) એ પ્રસ્થાપિત હકિકત છે કે, ચેક એ વિનિમયપત્ર છે અને વિનિમયપત્ર અન્વયે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ મુજબ જો વિરુધ્ધનું પુરવાર કરવામાં ન આવે તો અવેજ, તારીખ, સ્વીકારવાનો સમય, તબદીલીનો સમય, શેરાઓના ક્રમ, ગુમ થયેલ વિનિયમપત્ર ઉપર લગાડેલી પુરતી ટીકીટો સંબંધે અને તેનો ધારણકર્તા કાયદેસરનો ક્રમિક ધારણકર્તા હોવા અંગે કાનૂની અનુમાન ધારણા કરી લેવામાં આવશે. તેવી જ રીતે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેતા તેમાં પણ ''જયાં સુધી વિપરિત પુરવાર કરવામાં ન આવે, ત્યાં સુધી એવુ અનુમાન કરવામાં આવશે કે, ચેકના ધારકે કલમ–૧૩૮ માં જણાવેલ ચેક, કોઈ દેવુ અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશતઃ ફેડવા માટે મેળવ્યો હતો.'' આમ, કલમ–૧૩૯ ની જોગવાઈઓ જોતા ધારકની તરફેણમાં અનુમાન કરવાની જોગવાઈ સદર કલમમાં કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. તેવી જ રીતે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૨૦ મુજબ જો કોઈ વ્યકિત વિનિમયપત્ર ઉપર સહી કરી અન્યને આપે અને તે સંપૂર્ણ ક્રોસ હોય કે અર્પૂણ વિગતવાળો હોય તો તેવી આપનાર વ્યકિત પ્રથમદર્શનીય રીતે અન્ય વ્યકિતને એવી સત્તા હસ્તાંતર કરે છે કે, તેમાંની અપૂર્ણ વિગત અથવા અન્ય જરૂરી ભરવાની વિગત તેણે સંપૂર્ણ કરી લઈ વિનિમયપત્ર ઉપયોગમાં લેવાનો છે. આમ, ઉપરોકત નોંધેલ કલમ–૧૧૮, ૧૩૯ અને ૨૦ અન્વયે ઉપલબ્ધ કાનૂની અનુમાન અને ધારણા હાથ ઉપરના કેસમાં ફરીયાદી વિનિયમપત્રનો ધારણકર્તા હોવાનુ માનવાને સબળ કારણ રહે છે. એ ખરૂ છે કે, કાનૂની અનુમાન અને ધારણા ખંડનીય પ્રકારની છે અને જો વિરુધ્ધનું પુરવાર કરવામાં આવે તો તેનુ કાનૂની મૂલ્ય રહેતુ નથી.

(૧૧) આ કામે રજુ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, તકરારી ચેક આંક–૩૦ થી રજુ થયેલ છે, જેની ચેક લખ્યા તા.૨૭/૦૪/૨૦૧૯ ની છે. આ ચેક ફરીયાદી ધ્વારા તેમના ખાતામાં તા.૨૪/૦૭/૨૦૧૯ ના રોજ વસુલાત માટે રજુ કરવામાં આવેલ છે. આમ, સમયમર્યાદામાં જ ચેક ફરીયાદીએ તેમના બેંક ખાતામાં વસુલાત માટે રજુ કરેલ છે. આ ચેક તા.૨૪/૦૭/૨૦૧૯ ના રોજ ''ડ્રોઅર્સ સીગ્નેચર ડીફર્સ''ના કારણસર પરત ફરેલ

છે. આ કામે આંક–૩૧ થી તકરારી ચેક પરત આવ્યાનો રીટર્ન મેમો રજુ થયેલ છે, જે ધ્યાને લેતા બેંક ધ્વારા આરોપીની સહી ડીફર હોવાના કારણસર સદર ચેક રીટર્ન મેમો આપવામાં આવેલ છે. ફરીયાદ પક્ષ તરફે આંક–૩૨ થી સ્ટેચ્યુટરી ડિમાન્ડ નોટીસની અસલ સ્થળપ્રત કોપી રજુ થયેલ છે અને આંક–૩૩ થી સદર નોટીસ આરોપીને આર.પી.એડીથી મોકલ્યાની પોસ્ટની વિન્ડો સ્લીપ રજુ થયેલ છે. ઉપરોકત દસ્તાવેજી પુરાવાને ફરીયાદીની આંક–૨૮ થી રજુ જુબાનીથી પણ સમર્થન મળે છે. આ આંક–૩૨ અને આંક–૩૩ વાળા દસ્તાવેજો ધ્યાને લેતા સ્પષ્ટ છે કે, ફરીયાદી ધ્વારા તા.૨૨/૦૮/ ૨૦૧૯ ના રોજ આંક–૩૨ વાળી સ્ટેચ્યુટરી ડિમાન્ડ નોટીસ રજીસ્ટર્ડ પોસ્ટથી આરોપીને તેમના સરનામે મોકલવામાં આવેલ છે. આમ, ચેક પરત થયાની બેંક પાસેથી માહિતી મળ્યેથી દિન–૩૦ માં ચેકના નાણાની માંગણી કરતી કાયદેસરની ડિમાન્ડ નોટીસ આરોપીને લેખિતમાં ફરીયાદીએ આપેલ છે. ફરીયાદીએ આપેલ ડિમાન્ડ નોટીસ આરોપીને બજી ગયેલ છે તે દર્શાવવા માટે ફરીયાદ પક્ષ તરફે આંક–૩૪ થી પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ રજુ થયેલ છે, જે જોતા આંક–૩૩ થી જે પોસ્ટની વિન્ડો સ્લીપ રજુ થયેલ તે No.RG935688409IN વાળી ટપાલ એટલે કે ડિમાન્ડ નોટીસ આરોપીને તેમના સરનામે તા.૨૩–૨૪/૦૮/૨૦૧૯ ના અરસામાં બજી ગયેલ છે. ફરીયાદીએ હાલની ફરીયાદ તા.૦૫/૧૦/૨૦૧૯ ના રોજ દાખલ કરેલ છે. આમ, રજુ પુરાવો ધ્યાને લેતા ડિમાન્ડ નોટિસ મળ્યાના પંદર દિવસ બાદથી એક માસની અંદર હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ફરીયાદીએ ફરીયાદ સમયમર્યાદામાં દાખલ કરેલ છે. ફરીયાદ પક્ષ તરફે આંક–૨૮ થી ફરીયાદીનું સરતપાસનું સોગંદનામુ રજુ થયેલ છે જેમાં તેઓએ આંક–૧ ની ફરીયાદની હકીકત અને રજુ દસ્તાવેજી પુરાવાને સુસંગત પુરાવો રજુ કરેલ છે. ફરીયાદીની ફરીયાદ, સમગ્ર જુબાની અને રજુ દસ્તાવેજી પુરાવા વચ્ચે એવી કોઈ વિસંગતતા જણાતી નથી, જેથી રજુ પુરાવાથી સ્પષ્ટ છે કે, ફરીયાદીએ આ કાયદાની કલમ–૧૩૮ ના (Proviso) a, b અને c ની જોગવાઈઓનું પાલન કરેલ હોવાનું પુરવાર થાય છે.

(૧૨) સદર કામે ફરિયાદી પટેલ હરેશકુમાર અરવિંદભાઈનું આંક–૨૮ થી પુરાવાનું સોગંદનામુ રજુ થયેલ છે. જે આંક–૦૫ વાળુ પુરાવાનું સોગંદનામુ જોવામાં આવે તો, તેમાં ફરિયાદીએ તેઓની આંક–૧ ની ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન કરેલ હોઈ આ તબકકે તેની વધુ ચર્ચા કરવામાં આવેલ નથી.

આ કામે બચાવ પક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો તેમાં ફરિયાદીએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે આ કામના આરોપીએ મને બે ચેકો આપેલા, જેમાં એક આઠ લાખનો અને એક પાંચ લાખનો હતો. એ વાત ખરી છે કે પાંચ લાખની ફરીયાદવાળા ચેકની ફરીયાદ આરોપીનો કોઈ અતો પતો ન મળતા નામ. અદાલત દવારા રદ્દ કરવામાં આવેલ હતી. એ વાત ખરી નથી કે આરોપીને ફરીયાદની નોટીસ બજેલી નથી. એ વાત ખરી છે કે એક ગાયની કિંમત કેટલી નકકી કરેલી તે મને હાલમાં યાદ નથી. સાહેદ જણાવે છે કે ચાલીસ ગાયોની કિંમત ઉચ્ચક ૧૫ લાખ નકકી કરેલી. એ વાત ખરી નથી કે આરોપીએ મને કોરો ચેક આપેલો. સાહેદ જણાવે છે કે રકમ અને વિગત લખીને આપેલો. એ વાત ખરી નથી કે મેં ફરીયાદ નોટીસ તથા પુરાવાનું સોગંદનામુ મેં વાંચ્યા વગર સહી કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીએ મને દસ લાખ રૂપિયા રોકડા આપેલા અને હાલનો સીકયુરીટી પેટે ચેક આપેલો. એ વાત ખરી નથી કે સને ૨૦૧૮ માં મેં ગાયોનો ધંધો બંધ કરી દીધેલો. એ વાત ખરી છે કે હું ગાયોનો લેવેચનો ધંધો કરતો હતો. એ વાત ખરી છે કે ભાવેશભાઈ અમારી પાસેથી વેચાતી ગાયો લઈ જતા હતા. એ વાત ખરી નથી કે ૨૦૧૯ માં ભાવેશભાઈ ગાયો વેચાતી લઈ ગયેલા. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી કોઈ કાયદેસરનું લેણુ ન હોવા છતાં હાલની ખોટી ફરીયાદ કરેલી છે. એ વાત ખરી નથી કે ગાયો ભાવેશભાઈ લઈ ગયેલા અને તેમના વતિ આરોપીએ જવાબદારી સ્વીકારી હાલનો ફરીયાદવાળો ચેક આપેલો. સાહેદ જણાવે છે કે ગાયો ઈન્દુભાઈ લઈ ગયેલા ભાવેશભાઈએ માત્ર મિત્ર તરીકે ઓળખાણ કરાવેલી. મને આંક–૩૦ વાળો ચેક બતાવવામાં આવે છે, જે જોઈને કહુ છું કે, તેમાં મેં માત્ર નામ લખેલુ અને બીજી બધી

હકીકત ઈન્દુભાઈએ લખેલી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ આપેલી અને તેના વિરુધ્ધ ખોટી જુબાની આપુ છું.''

(૧૩) આ કામે ફરીયાદ પક્ષે આંક–૨૮ થી ફરીયાદી પટેલ હરેશકુમાર અરવિંદભાઈનું પુરાવાનું સોગંદનામુ રજૂ કરેલ છે. સદરહુ સોગંદનામામાં ફરીયાદની હકીકતનું પુનરાવર્તન થતુ હોય આ તબકકે તેની વધુ ચર્ચા કરવામાં આવેલ નથી. બચાવ પક્ષે આ ફરીયાદીની ઉલટતપાસ કરેલી છે તે જોવામાં આવે તો તેમાં આરોપી પક્ષે ફરીયાદીને પ્રશ્ન પૂછવામાં આવેલ છે કે, ''આ કામના આરોપીએ તમને બે ચેકો આપેલા, જેમાં એક આઠ લાખનો અને એક પાંચ લાખનો હતો'' અને જે હકીકતનો ફરીયાદીએ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. ફરીયાદ પક્ષ તરફે આંક–૩૦ થી રજૂ થયેલ તકરારી ચેક જોવામાં આવે તો, તે ચેક રૂા.૮,૦૦,૦૦૦/– નો છે. આમ, આરોપી ધ્વારા ફરીયાદીને રૂા.૮,૦૦,૦૦૦/– ની રકમનો ચેક આપેલ હતો તે હકીકત આરોપી ધ્વારા જ ફરીયાદીની ઉલટતપાસમાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે અને જેથી આરોપીએ ફરીયાદીને ચેક આપેલ હોવાની હકીકત સાબિત થાય છે. વધુમાં આ કામે આરોપીએ ફરીયાદીની ઉલટતપાસમાં એવો બચાવ લીધેલ છે કે, આરોપીએ ફરીયાદીને રૂપિયા ૧૦ લાખ રોકડા આપેલા અને હાલનો સિકયુરીટી પેટે ચેક આપેલો. આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસમાં ઉપરોકત જે હકીકત રેકર્ડ ઉપર લાવવામાં આવેલ છે તેનાથી એટલી હકીકત તો સ્પષ્ટ થાય છે કે, ફરીયાદીને આરોપી સાથે ગાયોનો ખરીદ વેચાણનો વ્યવહાર થયેલ હતો. પરંતુ જો તે વ્યવહાર પેટે આરોપીએ ફરીયાદીને રોકડા રૂા.૧૦,૦૦,૦૦૦/– ચૂકવી આપેલા છે તો તે રકમ આરોપીએ કયારે, કઈ જગ્યાએ અને કોની હાજરીમાં ફરીયાદીને ચૂકવી આપેલ હતી તેવી કોઈ હકીકત આરોપી તરફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી. તેવી જ રીતે આરોપીએ ફરીયાદીને સીકયુરીટી પેટે ચેક આપેલ હતો તેવો જે બચાવ લીધેલ છે પરંતુ આરોપીએ કયા વ્યવહારના સીકયુરીટી પેટે ફરીયાદીને ચેક આપેલ હતો ? તે અંગે કોઈ હકીકત જણાવેલ નથી. તેમજ તે ચેક આરોપીએ ફરીયાદી પાસે પરત માંગણી કરેલ હોય તેવી કોઈ હકીકત બચાવ પક્ષે જણાવેલ નથી તેમજ તે સીકયુરીટી પેટેનો ચેક પરત ન આપવા બાબતે આરોપીએ કોઈ

પોલીસ સ્ટેશનમાં કે અદાલતમાં ફરીયાદ કરેલ હોય તેવી કોઈ હકીકત આરોપીએ જણાવેલ નથી. વધુમાં આરોપી તરફે ઉપરોકત બચાવ પુરવાર કરવા માટે કોઈ સચોટ પુરાવો રજુ કરેલ નથી કે તે અંગેની કોઈ હકીકત ફરીયાદીની ઉલટતપાસમાં પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલ નથી તેમજ આરોપીએ પોતે કોઈ પુરાવો આપેલ નથી કે તે સંબંધે કોઈ સાહેદ તપાસેલ નથી કે તે સંબંધે યોગ્ય દસ્તાવેજી આધારો રજુ કરી તે હકીકતને પડકારેલ નથી અને આ કામે આરોપીએ ફરીયાદીને આંક–૩૦ વાળો ચેક સીકયુરીટી પેટે આપેલ હતો તેવો એક પણ પુરાવો આપેલ નથી. વધુમાં બચાવ પક્ષે ફરીયાદીની ઉલટતપાસમાં મુખ્યત્વે એવો બચાવ લીધેલ છે કે, ગાયો ભાવેશભાઈ લઈ ગયેલા અને તેમના વતી આરોપીએ જવાબદારી સ્વીકારી હાલનો ફરીયાદવાળો ચેક આપેલો અને જે હકીકતનો ફરીયાદીએ ઈન્કાર કરેલ છે અને ફરીયાદી સ્વેચ્છાએ જણાવે છે કે, ગાયો ઈન્દુભાઈ લઈ ગયેલા, ભાવેશભાઈએ તેઓના મિત્ર તરીકે ઓળખાણ કરાવેલી. આરોપી તરફે લેવામાં આવેલ ઉપરોકત બચાવ સંબંધે રેકર્ડ પરની હકીકતો જોવામાં આવે તો, ફરીયાદી પાસેથી ભાવેશભાઈ ગાયો લઈ ગયેલા હોય તો ભાવેશભાઈની જગ્યાએ તે ગાયોની રકમની જવાબદારી પેટે આરોપી શા માટે ફરીયાદીને ચેક આપે ? તે અંગે કોઈ ખુલાસો આરોપી તરફે કરવામાં આવેલ નથી. બચાવ પક્ષે જે ઉપરોકત બચાવ લેવામાં આવેલ છે તે બચાવ સાબિત કરવા માટે આરોપી તરફે ભાવેશભાઈ એક મુખ્ય આધાર બની રહે છે, પરંતુ આરોપીએ ભાવેશભાઈને સાહેદ તરીકે તપાસેલા નથી કે સાહેદ તરીકે તપાસવા માટેની કોઈ સાહેદ સમન્સની અરજી પણ અદાલતમાં આપેલ નથી. વધુમાં ફરીયાદીએ ઉલટતપાસમાં એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ૨૦૧૯ માં ભાવેશભાઈ ગાયો વેચાતી લઈ ગયેલા. આમ, આરોપીના ઉપરોકત બચાવ અંગે ભાવેશભાઈ એક ખુબ જ મહત્વના વ્યકિત છે અને આરોપી તેઓને સાહેદ તરીકે તપાસી તેઓના બચાવ મુજબની હકીકત સાબિત કરી શકયા હોત, પરંતુ આરોપીએ ભાવેશભાઈને સોગંદ ઉપર તપાસવા માટેની કોઈ જ કાર્યવાહી કરેલ નથી, જેથી આરોપીના ઉપરોકત બચાવને માની શકાય તેમ નથી. આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસમાં એક તરફ તેઓએ ફરીયાદીને બે ચેકો આપેલા

અને આરોપીએ ફરીયાદીને રોકડા રૂપિયા ૧૦ લાખ અને સીકયુરીટી પેટે ચેક આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર લાવેલ છે, જયારે બીજી તરફ ફરીયાદીની ઉલટતપાસમાં જ ફરીયાદી પાસેથી ગાયો ભાવેશભાઈ લઈ ગયેલા અને તેની જવાબદારી સ્વીકારી આરોપીએ ફરીયાદવાળો ચેક ફરીયાદીને આપેલ છે તેમ જણાવેલ છે. આમ, આરોપી ધ્વારા ફરીયાદીની ઉલટતપાસમાં એકથી વધારે અને એકબીજાથી વિરોધાભાસી બચાવો લેવામાં આવેલ છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસમાં ફરીયાદી ગાયોનો લેવેચનો ધંધો કરતા હતા હોવાની હકીકત પુરવાર થયેલ છે. વધુમાં આરોપીએ તેઓના વિશેષ નિવેદનમાં પણ સીકયુરીટી પેટેનો ચેક હોવાનો બચાવ લીધેલ છે અને તે સિવાય બીજો કોઈ બચાવ લેવામાં આવેલ નથી. વધુમાં આરોપી ધ્વારા ઉપરોકત જે જે બચાવો લેવામાં આવેલ છે તે બચાવો આરોપી ધ્વારા ફરીયાદીની નોટીસનો યોગ્ય જવાબ આપી પ્રથમથી જ બચાવો લઈ શકયા હતો પરંતુ આરોપીએ ફરીયાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આમ, ફરીયાદીએ આરોપીને ગાયો વેચાણ આપેલી અને તે ગાયોની કુલ કિંમતની બાકીની રકમ પેટે આરોપીએ હાલના તકરારી ચેકમાં પોતાની સહી કરી ફરીયાદીને આપેલ હતો અને તે ચેક સીગ્નેચર ડીફર હોવાના કારણે પરત ફરેલ અને જેથી ફરીયાદીએ તેઓના કાયદેસરના લેણા પેટે આરોપી પાસેથી મેળવેલ તકરારી ચેકની રકમ ફરીયાદીને બેંકમાંથી વસુલ મળેલ નહી અને તે રીતે આરોપીએ તેઓના કાયદેસરના દેવા પેટે આપેલ ચેકનો બેંકમાં સ્વીકાર થાય નહી તે ઈરાદાથી સીગ્નેચર ડીફર કરી તકરારી ચેક ફરીયાદીને આપેલ હોવાની હકીકત ફરીયાદીએ તેઓના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે.

(૧૪) આ કામે ફરીયાદ પક્ષ ધ્વારા (૧) આંક–૩૦ થી આરોપીએ ફરીયાદી જોગ કરી આપેલ ચેક નં.૦૦૦૦૧૨ તથા (૨) આંક–૩૧ થી ચેક રીટર્ન મેમો તથા (૩) આંક–૩૨ થી તહોમતદારને મોકલેલ નોટીસ તથા (૪) આંક–૩૩ થી રજી.એડી કર્યાની પોસ્ટની પહોંચ તથા (૫) આંક–૩૪ થી પોસ્ટની એકનોલેજમેન્ટ સ્લીપ રજુ કરેલ છે. આ કામે આંક–૩૦ થી અસલ ચેક રજુ કરવામાં આવેલ છે, તે જોવામાં આવે તો તેમાં ચેકની જમણી બાજુ રકમના ખાનાથી નીચેના ભાગે આરોપીનું નામ જણાય આવે છે અને તેની

ઉપર આરોપીની સહી કરેલ હોવાનુ જણાય આવે છે. આ કામે આંક–૩૧ થી જે ચેકનો રીટર્ન મેમો રજુ થયેલ છે તે જોવામાં આવે તો, તેમાં ચેક પરત ફરવાનુ કારણ સીગ્નેચર ડીફર હોવાનુ જણાવેલ છે. આ કામે આંક–૩૦ વાળા ચેકમાં જે સહી છે તે આરોપીએ કરીને ફરીયાદીને આપેલો હતો અને બચાવ પક્ષે આ હકીકતને કોઈ જગ્યાએ પડકારેલી નથી. સામાન્ય રીતે ફરીયાદીને ચેકમાં જે સહી છે તે જ સહી બેંકમાં સીગ્નેચર કાર્ડમાં આરોપીએ આપેલી હશે તેમ માનીને જ ચેકનો સ્વીકાર કરેલો હોય છે. હાલના કેસમાં આંક–૩૧ વાળો રીટર્ન મેમો જોવામાં આવે તો, સીગ્નેચર ડીફરના કારણે પરત આવેલો છે. આ કામના આરોપી ઉપર આંક–૩૦ વાળા ચેકમાં જે સહી છે તે આરોપીની નથી તે સાબિત કરવાનો બોજો નાખવામાં આવેલો છે. બચાવ પક્ષે બેંકના મેનેજરને તપાસેલા નથી, જેથી આંક–૩૦ વાળા ચેકમાં જે સહી છે તે આરોપીએ જાણીજોઈને ખોટી કરીને ચેક ફરીયાદીને આપેલ હતો તે હકીકત સાબિત થાય છે અને તે ચેક આરોપી દ્વારા ફરીયાદીને આપવામાં આવેલ છે એ હકીકત સ્પષ્ટ થતા હવે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮, ૧૩૯ મુજબના અનુમાનો પૈકી અથવા હોલ્ડર ઈન ડયુ કોર્ષના લાભમાં થાય છે અને આ અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર રહેલ છે. જે અનુમાનો મુજબ ફરીયાદવાળો જે ચેક છે તે કાયદેસરના દેવાની ચુકવણી માટે અથવા અન્ય જવાબદારી ફેડવા માટે આપવામાં આવેલા હતો.

(૧૫) આ કામે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ–૧૮૮૧ ની કલમ–૨૦, ૧૩૮ અને ૧૩૯ ધ્યાને લેવી ખુબ જ જરૂરી છે, જે નીચે મુજબ છે.

**Section 20. Inchoate stamped instruments.**

**Where one person signs and delivers to another a paper stamped in accordance with the law relating to negotiable instruments then in force in [1][India], and either wholly blank or having written thereon an incomplete negotiable instrument, he thereby gives *prima facie* authority to the holder thereof to make or complete, as the case may be, upon it a negotiable instrument, for any amount specified therein and not exceeding the amount covered by the stamp. The person so signing shall be liable upon such**

instrument, in the capacity in which he signed the same, to any holder in due course for such amount: provided that no person other than a holder in due course shall recover from the person delivering the instrument anything in excess of the amount intended by him to be paid thereunder.

SECTION 138 : Dishonour of cheque for insufficiency, etc., of funds in the account.

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of this Act, be punished with imprisonment for a term which may be extended to two years or with fine which may extend to twice the amount of the cheque, or with both:

Provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, 56 [within thirty days] of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid; and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or, as the case may be, to the holder in due course of the cheque, within fifteen days of the receipt of the said notice.

Explanation.-For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

139. Presumption in favour of holder.—

**It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.**

આ કામે નામ. સુપ્રીમ કોર્ટનો Basalingappa Versus Mudibasappa, 2019 (5) SCC 418 નો ચુકાદો ધ્યાને લેવો ખુબ જ જરૂરી છે, અને તેમાં નામ. સર્વોચ્ચ અદાલત ધ્વારા જણાવવામાં આવેલ છે કે, Negotiable Instruments Act, 1881 - S. 118, 139 - dishonour of cheque - presumption - complainant being holder of cheque - signatures on the cheque having not been denied by accused - presumption shall be drawn that cheque was issued for discharge of any debt or liability - however, this presumption is a rebuttable presumption.

આ કામે નામ. અદાલત ધ્વારા નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા જાહેર કરવામાં આવેલ ચુકાદો Rangappa Versus Sri Mohan, 2010 (11) SCC 441 ધ્યાને લેવામાં આવેલ છે અને જેમાં નામ. સુપ્રીમ કોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ છે કે, Negotiable Instruments Act, 1881 - S. 138, 139 - dishonour of cheque - applicability of S. 138 - presumption in favour of holder - complainant alleged that accused had demanded loan and complainant had advanced money - when accused failed to repay accused had issued cheque - cheque was dishonoured as accused had given instructions of "stop payment" - accused's defence that the cheque was plank and it was lost and complainant had misused it, there was no legally enforceable debt and accused had not asked for loan - material on record revealed that there was no mention in instructions for "stop payment" that the cheque was lost - moreover accused did not give reply to the notice - in cross-

**examination it was revealed that accused was aware that cheque was with complainant - held, accused failed to rebut statutory presumption - accused could have rebutted presumption from material produced by complainant - no interference with the orders of High Court - appeal disposed of.**

આમ, ઉપરોકત કલમની જોગવાઈ તથા ઉપરોકત બંન્ને ચુકાદાઓ જોવામાં આવે તો આંક–૩૦ વાળા ચેકમાં આરોપીએ જાણીજોઈને પોતાની સાચી સહી કરેલ નથી અને ખોટી સહીવાળો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હોવાની હકીકત સાબિત થાય છે અને આરોપીએ સદરહું આંક–૩૦ વાળો ચેક ફરીયાદીના કાયદેસરના લેણા પેટે આપેલ હતો તે હકીકત સાબિત થાય છે.

(૧૬) આમ, ઉપરોકત ચુકાદાઓ વંચાણે લેતા, સદર ચુકાદાઓમાં પ્રતિપાદિત સિધ્ધાંતો અંગે કોઈ વિવાદ હોઈ શકે નહી. વળી, હાથ ઉપરના કેસમાં અગાઉ નોંધ્યુ તેમ ફરીયાદીની ફરીયાદ અને ફરીયાદીનો પુરાવો જોતા આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવાની ચુકવણી પેટે ફરીયાદીને જાણીજોઈને ખોટી સહી કરીને આપવામાં આવેલ હોવાનું પુરવાર થયેલ છે. આ કામે સર્વોચ્ચ ઉચ્ચ અદાલત ધ્વારા **AIRONLINE 2022 SC 1373 P RASIYA v/s ABDUL NAZER ના** ચુકાદામાં પેરા નં.૭ માં પ્રસ્થાપિત કરેલ છે કે, **"By the impugned common judgment and order, the High Court has reversed the concurrent findings recorded by both the courts below and has acquitted the accused on the ground that, in the complaint, the Complainant has not specifically stated the nature of transactions and the source of fund. However, the High Court has failed to note the presumption under Section 139 of the N.I. Act. As per Section 139 of the N.I. Act, it shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for discharge, in whole or in part, of any debt or other liability. Therefore, once the initial burden is discharged by the Complainant that the cheque was issued by the accused and the signature and the issuance of the cheque is not disputed by the accused, in that case, the onus will shift upon the accused to prove the contrary that the cheque was not for any debt or other liability. The presumption under Section 139 of the N.I. Act**

is a statutory presumption and thereafter, once it is presumed that the cheque is issued in whole or in part of any debt or other liability which is in favour of the Complainant/holder of the cheque, in that case, it is for the accused to prove the contrary. The aforesaid has not been dealt with and considered by the High Court. The High Court has also failed to appreciate that the High Court was exercising the revisional jurisdiction and there were concurrent findings of fact recorded by the courts below."

આ તબકકે નામદાર સુપ્રીમ કોર્ટનો SANJABIJ TARI VERSUS KISHORE S.BORCAR & ANR., CRIMINAL APPEAL NO. 1755 OF 2010, DATED-25/09/2025 નો ચુકાદો ઘ્યાને લેવો જરૂરી જણાય છે, જે ચુકાદાના પેરા નં.૧૫, ૧૭, ૨૦ અને ૨૧ ઘ્યાને લેવા જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

"15. In the present case, the cheque in question has admittedly been signed by the Respondent No.1-Accused. This Court is of the view that once the execution of the cheque is admitted, the presumption under Section 118 of the NI Act that the cheque in question was drawn for consideration and the presumption under Section 139 of the NI Act that the holder of the cheque received the said cheque in discharge of a legally enforceable debt or liability arises against the accused. It is pertinent to mention that observations to the contrary by a two Judges Bench Criminal Appeal No.1755/2010 Page 5 of 19 in Krishna Janardhan Bhat vs. Dattatraya G. Hegde, (2008) 4 SCC 54 have been set aside by a three Judges Bench in Rangappa (supra).

17. Needless to mention that the presumption contemplated under Section 139 of the NI Act, is a rebuttable presumption. However, the initial onus of proving that the cheque is not in discharge of any debt or other liability is on the accused/drawer of the cheque [See: Bir Singh vs. Mukesh Kumar, (2019) 4 SCC 197].

20. However, this Court is of the view that any breach of Section 269SS of the IT Act, 1961 is subject to a penalty only under Section 271D of the IT Act, 1961. Further neither Section 269SS nor 271D of the IT Act, 1961 state that

any transaction in breach thereof will be illegal, invalid or statutorily void. Therefore, any violation of Section 269SS would not render the transaction unenforceable under Section 138 of the NI Act or rebut the presumptions under Sections 118 and 139 of the NI Act because such a person, assuming him/her to be the payee/holder in due course, is liable to be visited by a penalty only as prescribed. Consequently, the view that any transaction above Rs.20,000/- (Rupees Twenty Thousand) is illegal and void and therefore does not fall within the definition of 'legally enforceable debt' cannot be countenanced. Accordingly, the conclusion of law in P.C. Hari (supra) is set aside.

21. This Court also takes judicial notice of the fact that some District Courts and some High Courts are not giving effect to the presumptions incorporated in Sections 118 and 139 of NI Act and are treating the proceedings under the NI Act as another civil recovery proceedings and are directing the complainant to prove the antecedent debt or liability. This Court is of the view that such an approach is not only prolonging the trial but is also contrary to the mandate of Parliament, namely, that the drawer and the bank must honour the cheque, otherwise, trust in cheques would be irreparably damaged."

આ તબકકે **નામ. સુપ્રીમ કોર્ટનો Ashok Singh vs State Of U.P, CRIMINAL APPEAL NO.4171 OF 2024, Dated-02/04/2025** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી છે, જે ચુકાદાના પેરા નં.૨૨ માં નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે,

**"22. The High Court while allowing the criminal revision has primarily proceeded on the presumption that it was obligatory on the part of the complainant to establish his case on the basis of evidence by giving the details of the bank account as well as the date and time of the withdrawal of the said amount which was given to the accused and also the date and time of the payment made to the accused, including the date and time of receiving of the cheque, which has not been done in the present case. Pausing here, such presumption on the complainant, by the High Court,**

appears to be erroneous. The onus is not on the complainant at the threshold to prove his capacity/ financial wherewithal to make the payment in discharge of which the cheque is alleged to have been issued in his favour. Only if an objection is raised that the complainant was not in a financial position to pay the amount so claimed by him to have been given as a loan to the accused, only then the complainant would have to bring before the Court cogent material to indicate that he had the financial capacity and had actually advanced the amount in question by way of loan. In the case at hand, the appellant had categorically stated in his deposition and reiterated in the cross-examination that he had withdrawn the amount from the bank in Faizabad (Typed Copy of his deposition in the paperbook wrongly mentions this as 'Firozabad'). The Court ought not to have summarily rejected such stand, more so when respondent no.2 did not make any serious attempt to dispel/negate such stand/statement of the appellant. Thus, on the one hand, the statement made before the Court, both in examination-in-chief and cross- examination, by the appellant with regard to withdrawing the money from the bank for giving it to the accused has been disbelieved whereas the argument on behalf of the accused that he had not received any payment of any loan amount has been accepted. In our decision in M/s S. S. Production v. Tr. Pavithran Prasanth, 2024 INSC 1059, we opined:

'8. From the order impugned, it is clear that though the contention of the petitioners was that the said amounts were given for producing a film and were not by way of return of any loan taken, which may have been a probable defence for the petitioners in the case, but rightly, the High Court has taken the view that evidence had to be adduced on this point which has not been done by the petitioners. Pausing here, the Court would only comment that the reasoning of the High Court as well as the First Appellate

Court and Trial Court on this issue is sound. Just by taking a counter-stand to raise a probable defence would not shift the onus on the complainant in such a case for the plea of defence has to be buttressed by evidence, either oral or documentary, which in the present cases, has not been done. Moreover, even if it is presumed that the complainant had not proved the source of the money given to the petitioners by way of loan by producing statement of accounts and/or Income Tax Returns, the same ipso facto, would not negate such claim for the reason that the cheques having being issued and signed by the petitioners has not been denied, and no evidence has been led to show that the respondent lacked capacity to provide the amount(s) in question. In this regard, we may make profitable reference to the decision in Tedhi Singh v Narayan Dass Mahant, (2022) 6 SCC 735:

'10. The trial court and the first appellate court have noted that in the case under Section 138 of the NI Act the complainant need not show in the first instance that he had the capacity. The proceedings under Section 138 of the NI Act is not a civil suit. At the time, when the complainant gives his evidence, unless a case is set up in the reply notice to the statutory notice sent, that the complainant did not have the wherewithal, it cannot be expected of the complainant to initially lead evidence to show that he had the financial capacity. To that extent, the courts in our view were right in holding on those lines. However, the accused has the right to demonstrate that the complainant in a particular case did not have the capacity and therefore, the case of the accused is acceptable which he can do by producing independent materials, namely, by examining his witnesses and producing documents. It is also open to him to establish the very same aspect by pointing to the materials produced by the complainant himself. He can further, more importantly, achieve this result through the crossexamination of the

witnesses of the complainant. Ultimately, it becomes the duty of the courts to consider carefully and appreciate the totality of the evidence and then come to a conclusion whether in the given case, the accused has shown that the case of the complainant is in peril for the reason that the accused has established a probable defence.' (emphasis supplied)' (underlining in original; emphasis supplied by us in bold)"

આ તબક્કે **નામ. સુપ્રીમ કોર્ટનો Rajesh Jain vs Ajay Singh, Special Leave Petition (Crl.) No.12802 of 2022, Dated-09/10/2023** નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે, જે ચુકાદાના પેરા નં. ૪૭, ૪૮ અને ૪૯ માં નામ. સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે કે,

**"47. The accused has neither replied to the demand notice nor has led any rebuttal evidence in support of his case. The case set up by him needs to be drawn from the suggestions put during the cross examination and from his reply given in the statement recorded under Section 313 of Cr.P.C.**

**48. It has been suggested to the complainant that accused had not borrowed any loan from him. It was suggested to him that no legal notice had been issued on dishonor of cheque. It was further suggested that the complainant has misused a blank cheque - the said cheque having been obtained from his employee, Gita Sunar, who also happens to be the sister-in law of the accused. It was suggested that Gita Sunar had some financial transactions with the complainant and towards that end, he had received a blank cheque (signed by the accused) from Gita Sunar and misused it. It is pertinent to note that the suggestions mentioned above were denied by the complainant.**

**49. In her cross examination, Gita Sunar (examined on behalf of complainant as CW.3) has denied the suggestion that she has**

**misused a blank cheque in collusion with the complainant. She has also denied the suggestion that a blank cheque was given to her by the brother-in law of the accused."**

વધુમાં **નામ. કેરાલા હાઈકોર્ટે Vibin Meleppuram v/s. Denny Thomas & Anr., Crl.R.P. No.344 of 2023, Dated-07/12/2023** ના ચુકાદાના પેરા નં.૭ માં ઠરાવેલ છે કે,

**"7. In Bir Singh v. Mukesh Kumar [(2019) 4 SCC 197] the Apex Court held that a meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87, and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is dully signed by the drawer. It was further held that even a blank cheque leaf, voluntarily signed and hended over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt."**

(૧૭) ઉપરોકત કાયદાકીય પ્રસ્થાપિત સ્થિતિ ધ્યાને લેતા અને રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેના ગુનાના તમામ આવશ્યક તત્વો હાલના કેસમાં ફરીયાદપક્ષે તમામ વ્યાજબી શંકાઓ રહિત પુરવાર કરેલ છે. ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮(ક), (ખ) અને (ગ) માં કરેલ જોગવાઈનું પાલન થયેલ છે. ફરીયાદીએ પુરાવામાં આંક–૩૨ થી રજુ કરેલ સ્ટેચ્યુટરી નોટિસ આરોપીને મળ્યા બાદ ૧૫ દિવસની અંદર તકરારી ચેકમાં જણાવેલ રકમ આરોપીએ ફરીયાદીને ચુકવેલ નથી તે હકીકત ફરીયાદપક્ષના પુરાવાથી પુરવાર થયેલ છે અને ત્યારબાદ ફરીયાદીને ફરીયાદ કરવાનું

કારણ ઉપસ્થિત થયા તારીખથી એક મહિનાની અંદર ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ હાલની લેખિત ફરીયાદ કરેલ છે. તકરારી ચેક આરોપીએ અવેજને માટે લખી ફરીયાદીને આપેલ હોવાની હકીકત ફરીયાદીએ નિ:શંકપણે પુરવાર કરેલ છે. ઉપરોકત વિગતે ચર્ચા કર્યા મુજબ અને સંજોગોમાં ફરીયાદીએ તકરારી ચેક તેઓના કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવા લેણાના બદલામાં આરોપી પાસેથી મેળવેલ હોવાની હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ છે, જેથી ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો તમામ વ્યાજબી શંકાઓ રહિત પુરવાર કરેલ છે, જેથી મુદ્દા નં.૧ અને ૨ નો નિર્ણય હકારમાં આપવામાં આવે છે અને મુદ્દા નં.૩ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

(૧) આ કામના આરોપી **ઈન્દુભાઈ મગનભાઈ સોલંકી, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે. મુ.ભાદરણીયા, તા.બોરસદ, જિ.આણંદને** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ગુના માટે તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપી **ઈન્દુભાઈ મગનભાઈ સોલંકી, ઉ.વ.પુખ્ત, ધંધો–વેપાર, રહે. મુ.ભાદરણીયા, તા.બોરસદ, જિ.આણંદને** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૫૭(૩) અન્વયે ફરીયાદીને રૂા.૮,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા આઠ લાખ પૂરા) નું વળતર અપીલ સમય સુધીમાં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે અને જો આરોપી સદર રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીને તે કસુર બદલ અલગથી બે (૨) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી **ઈન્દુભાઈ મગનભાઈ સોલંકીનાઓ** તા.૧૪/૦૫/૨૦૨૫ ના રોજથી તા.૧૧/૦૭/૨૦૨૫ ના રોજ સુધી હાલના ગુનાના કામે દિન–૫૯ સુધી જયુડિશિયલ કસ્ટડીમાં રહેલ છે. ત્યારબાદ આરોપી ફરી તા.૧૮/૦૯/૨૦૨૫ થી આજરોજ

તા.૦૫/૦૫/૨૦૨૬ સુધી હાલના ગુનાના કામે દિન–૨૩૦ સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલ છે. આમ, આ કામના આરોપી ટ્રાયલ દરમિયાન કુલ દિન–૨૮૯ સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલ હોય ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૨૮ અન્વયે આ ચુકાદાના આખરી હુકમના પેરા નં.૧ માં જણાવેલ એક વર્ષની સાદી કેદની સજામાંથી કુલ દિન–૨૮૯ મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી **ઈન્દુભાઈ મગનભાઈ સોલંકીનાઓનાઓ** હાલ સબ જેલ બિલોદરા ખાતે જયુડિશિયલ કસ્ટડીમાં હોય તેઓને ઝૂમ એપ્લીકેશન મારફતે સજાના હુકમની જાણ કરવામાં આવેલી અને આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૬૩(૧) મુજબ એક નકલ વિના મૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે અને આ હુકમની સોફટ કોપી બિલોદરા સબ જેલ ખાતે ઈ–મેઈલથી મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી પક્ષે તાલુકા કાનૂની સેવા સમીતિ ધ્વારા વકીલશ્રી એસ.બી.પરમારની નિમણૂક કરવામાં આવેલ હોય આ ચુકાદાની એક નકલ વિ.વ.શ્રી એસ.બી.પરમારનાઓને વિના મૂલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામે અગાઉ આરોપીએ અગાઉ રજુ કરેલ જામીનખત અને જાતમુચરકા આથી રદ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૫ મી, માહે : મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL THAKKAR
on 05/05/2026 16:41:45 IST.

તારીખ : ૦૫/૦૫/૨૦૨૬

સ્થળ : ઠાસરા

**(વિપુલ અમૃતલાલ ઠક્કર)**
જ્યુડી.મેજી.ફ.ક., ઠાસરા
જીજે ૦૧૪૫૫